પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૨ | ૫ માર્ચ, ૨૦૧૮, સોમવાર ; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજથી સંસદ સત્રનો બીજો તબક્કો

**મોદી સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ તૈયાર : ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ બાદ ભાજપ પણ લડાયક મૂડમાં : આંતરિક સુરક્ષા, આતંકવાદી હુમલા સહિતના મુદ્દા ચમકશે**



નવીદિલ્હી, તા.૪

સંસદ સત્રના બીજા તબક્કાની આવતીકાલથી શરૂ થઈ રહી છે. સંસદ સત્રના બીજા તબક્કા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો એક બાજુ કમર કસી ચુક્યા છે. બીજી બાજુ પૂર્વોત્તરના ત્રણ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેંઘાલયમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ ભાજપના નેતૃત્વમાં એનડીએ લડાયક મુડમાં છે. આવતીકાલથી શરૂ થતા સંસદના સત્ર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ આમને સામને રહે તેવી શક્યતા છે. અનેક મુદ્દા સત્ર દરમિયાન છવાયેલા રહે તેવી શક્યતા છે. દેશના સૌથી મોટા બેકિંગ કોંભાડ પંજાબ નેશનલ બેંક કોંભાડ જોરદાર ગરમી જગાવે તેવી શક્યતા છે. આ ઉપરાંત હિરા કારોબારી નીરવ મોદી અને તેમના મામા મેહુલ ચોકસી વિદેશ ભાગી જવાના મામલે સરકારને ભીંસમાં લેવા કોંગ્રેસ પ્રયાસ કરી શકે છે. સંસદના બન્ને ગૃહો બજેટ સત્રમાં એક મહિના સુધી રિશેષ રહ્યા બાદ ફરી મળી રહ્યા છે. બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન ફગીટીવ

● અનુસંધાન પાન-૭ પર

## સત્ર તોફાની બનવાના સંકેત

**રણદીપ સૂરજેવાલા દ્વારા સ્પષ્ટ સંકેત અપાયો : આક્રમક રીતે રોજગારી, ખેડૂતોની દુર્દશા અને ભ્રષ્ટાચારના મુદ્દા ઉઠાવવાની તૈયારી**

નવીદિલ્હી, તા. ૪

ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જે કંઈપણ રહ્યા હોય છતાં આવતીકાલથી શરૂ થતાં સંસદના સત્રમાં કોંગ્રેસ આક્રમક વલણ અપનાવવા માટે તૈયાર છે. પાર્ટીની મહિલા પાંખના પ્રમુખ અને સાંસદ સુષ્મિતા દેવે કહ્યું છે કે, ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર અમે ભાજપ અને મોદી સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે. નિરવ મોદી લૂંટ કર ભાગ ગયા જેવા સુત્રોચ્ચાર કરવામાં આવશે. પાર્ટીના મિડિયા વિભાગના પ્રભારી રણદીપ સૂરજેવાલાએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના એક અન્ય વરિષ્ઠ સાંસદે કહ્યું છે કે, પંજાબ નેશનલ બેંકની સાથે છેતરપિંડી સરકારની જાણકારી હેઠળ થઈ છે. લોકસભામાં જુદા જુદા નારા લગાવવામાં આવશે. દેશ કા ચોકીદાર સો ગયા નિરવ મોદી લૂંટકર ભાગ ગયાના નારા લગાવવામાં આવશે. બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ લાંબી રજા બાદ ફરી શરૂ થઈ રહેલા સંસદના સત્ર દરમિયાન પાર્ટીની રણનીતિ ખુબ જ સંવેદનશીલ છે. પાર્ટી દ્વારા રોજગારી, ખેડૂતોની દુર્દશા, ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને લઈને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા પોકળ વચનોનો મુદ્દો ઉઠાવવામાં આવશે. કોંગ્રેસના નેતાઓના વલણને જોતા સ્પષ્ટ લાગે છે કે, સંસદ સત્ર જોરદાર તોફાની બનશે. પાર્ટીના મિડિયા વિભાગના પ્રભારી સુરજેવાલાએ કહ્યું છે કે, મોદી સરકાર રોજગારના મોરચે બિલકુલ ફ્લોપ રહી છે. કર્મચારી પસંદગી પંચ ભરતી પરીક્ષામાં કૌભાંડ સપાટી ઉપર આવ્યા છે. મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડની જેમ જ અન્ય કૌભાંડો થઈ રહ્યા છે. સુરજેવાલાએ આક્ષેપ કરતા કહ્યું છે કે, લોઅર ડિવિઝનલ ક્લાર્ક, સ્ટેનોગ્રાફર ગ્રેડ ડી અને સી, સેન્ટ્રલ એક્સાઈઝ ઈન્સ્પેક્ટર સહિત ૧૫-૨૦ મંત્રાલયોના વિભાગો માટે ૧૨-૪૦ હજાર સીટો પર યુવાઓની ભરતી પ્રક્રિયાને લઈને કૌભાંડો થઈ ચુક્યા છે. આના માટે આશરે એક કરોડ યુવાનો અરજી કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પાકિસ્તાનની સેનેટમાં પ્રથમવાર હિન્દુ મહિલા ચૂંટાયા**

ઈતિહાસમાં પ્રથમ વખત એક હિન્દુ મહિલા ચૂંટાયા છે. ક્રિષ્ના કુમારી કોહલીએ પાકિસ્તાની સેનેટમાં ચુંટાઈ ચકચાર જગાવી છે.

**બસપા પેટા ચૂંટણી નહી લડે**

ઉત્તરપ્રદેશની લોકસભાની બે બેઠકો માટે યોજાનાર પેટા ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટી પોતાના ઉમેદવાર નહી ઉભા રાખે અને સમાજવાદી પક્ષના ઉમેદવારને સહયોગ આપશે. સાથોસાથ રાજસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી માયાવતીને સમર્થન આપશે.

**રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિની ગાડીઓ પર લાગશે નંબર પ્લેટ**

ભારતના ઉચ્ચ બંધારણીય હોદ્દા ધરાવતા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ગાડીઓ પર હવે નંબર પ્લેટ જોવા મળશે. દિલ્હી હાઈકોર્ટે એક સુનવણી દરમ્યાન કહ્યુ છે કે ઉચ્ચ બંધારણીય હોદ્દા ધરાવતા વ્યક્તિઓની ગાડીઓનું રજીસ્ટ્રેશન થવુ જરૂરી છે.

**ભગવા પાર્ટી ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં નહીં જીતી શકે : મમતા બેનર્જી**

મમતા બેનરજીએ પૂર્વોત્તરમાં ભાજપની જીત પર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ભગવા પાર્ટી ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં નહીં જીતી શકે. વધુમાં મમતાએ કહું કે ભાજપ પાંખ લગાવીને મોર બનવાનું સપનું જોઈ રહ્યું છે, જે ક્યારેય પૂરું નહીં થાય.

# ત્રિપુરામાં માણિક સરકારનું રાજીનામુ

નવીદિલ્હી, તા. ૪

ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ ડાબેરીઓના શાસનનો અંત આવી ગયો છે. ભાજપ અને આઈપીએફટી ગઠબંધને ત્રિપુરામાં લડનાર ભાજપને ૩૫ સીટો મળી છે જ્યારે તેના સાથી પક્ષ આઈપીએફટીને નવ સીટો પણ

**નવી વ્યવસ્થા ન થયા ત્યાં સુધી માણિક મુખ્યમંત્રી તરીકે રહેશે : રાજ્યપાલ તથાગત રોયને મળી અંતે રાજીનામું સોંપ્યુ : ત્રિપુરામાં ૨૫ વર્ષના ગાળા બાદ ડાબેરીનું પતન : ભાજપ ગઠબંધનને મળેલી બે તૃતિયાંશ બહુમતિ**

માણિક સરકારે મુખ્યમંત્રી પદેથી આજે રાજીનામુ આપ્યું હતું. ત્રિપુરામાં છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા અભૂતપૂર્વ સફળતા મેળવી છે. આ ગઠબંધનને બે તૃતિયાંશ બહુમતિ મળી છે. ૫૦ સીટો ઉપર ચૂંટણી ચૂંટણી લડ્યા બાદ આઠ સીટો ઉપર જીત મળી છે.

● અનુસંધાન પાન-૭ પર





**ખેતરમાં ઉભો ઘઉંનો પાક જમીનદોસ્ત થયો**

ઉનાળાની શરૂઆતમાં સૂર્ય નારાયણ આકરા બનતા ગરમીથી લોકો તોબા પોકારી ઉઠ્યા હતા અને ઉનાળો આકારો બનાવના એંધાણ વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો આવતા અને શનિવારે મંદ ગતિએ પવન ફૂંકાતા ખેતરોમાં લહેરાતો ઘઉંનો પાક જમીનદોસ્ત થતા ખેડૂતોની હાલત કફોડી બની હતી.

# કાર્તિ ચિદમ્બરમ્‌ની સતત ત્રીજા દિવસે કઠોર પુછપરછ

નવીદિલ્હી, તા. ૪

આઈએનએક્સ મિડિયા કેસમાં આરોપી કાર્તિ ચિદમ્બરમની આકરી પુરછપરછ આજે કરવામાં ડિરેક્ટર પીટર અને ઈન્દ્રાણીની સાથે બેસાડીને પુછપરછ કરી હતી. કાર્તિ ચિદમ્બરમની સતત પુછપરછનો દોર ચાલી રહ્યો છે.

**ઇન્દ્રાણી મુખર્જીની સામે બેસાડીને પુછપરછ કરાઈ : આઈએનએક્સ મિડિયા કેસના મામલામાં ચિદમ્બરમને મુંબઈમાં બે જગ્યાએ લઇ જઇ પુછપરછ કરવામાં આવી**

આવી હતી. સીબીઆઈની ટુકડી તેમને પુછપરછ કરવા માટે લઈને મુંબઈ પહોંચી હતી જ્યાં સીબીઆઈના અધિકારીઓએ તપાસની હદ વધારીને કાર્તિ અને આઈએનએક્સ મિડિયાના સતત ત્રણ દિવસથી તેમની પુછપરછ ચાલી રહી છે. આજે ચાર કલાકથી પણ વધુ સમય સુધી કાર્તિની પુછપરછ થઈ હોવાના અહેવાલ મળ્યા છે. આઈએનએક્સ મિડિયા કેસમાં આરોપી કાર્તિ ચિદમ્બરમે કહ્યું છે કે, તેમની સામે મુકવામાં આવેલા તમામ આરોપ ખોટા અને રાજકીયરીતે પ્રેરિત છે. સીબીઆઈ દ્વારા દિલ્હી લાવવામાં આવ્યા બાદ ચિદમ્બરમે આ મુજબની વાત કરી હતી. દિલ્હી પરત આવ્યા બાદ કાર્તિએ કહ્યું હતું કે, રાજકીય કાવતરાના ભાગરુપે તેમની સામે તપાસ ચાલી રહી છે. સીબીઆઈ કાર્તિને લઈને મુંબઈના ભાઈકુલ્લા વિસ્તારમાં પહોંચી હતી જ્યાં જેલમાં લઈ ગયા બાદ ઈન્દ્રાણીને આમને સામને બેસાડીને પુછપરછ

● અનુસંધાન પાન-૭ પર

## નિરવ મોદી હોંગકોંગમાં છે : ઇડી



મુંબઈ, તા. ૪

૧૨૬૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક કૌભાંડના મામલામાં મુખ્ય આરોપી નિરવ મોદી હાલ હોંગકોંગમાં હોવાનો દાવો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરવામાં આવ્યો છે. ખાસ પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટમાં આ અંગેનો દાવો ઈડી દ્વારા કરવામાં આવ્યો છે. સ્પેશિયલ જજ એમએસ આઝમીએ ગઈકાલે જ આ મામલામાં બિનજામીનપાત્ર વોરંટ જારી કરાયા હતા. પંજાબ નેશનલ બેંક પાસેથી સાડા તેર હજાર કરોડ રૂપિયાની લોન ચુકવ્યા વગર વિદેશ ફરાર થઈ ગયેલા હિરા કારોબારી અને ગીતાંજલિ જ્વેલર્સના માલિક નિરવ મોદીની સામે મુંબઈની એક ખાસ અદાલતે બીનજામીનપાત્ર વોરંટ જારી કરી દીધા બાદ વધુ તપાસ હાથ ધરાઈ છે. કોર્ટે ગીતાંજલિ જ્વેલર્સના પ્રમોટર મેહુલ ચોકસીની સામે પણ બીનજામીનપાત્ર વોરંટ જારી કર્યા છે. અત્રે નોંધનીય છે કે, નિરવ મોદી અમેરિકા ફરાર થઈ ગયા છે. ત્યાંથી પત્ર લખીને કહી ચુક્યા છે કે, કોઈપણ કિંમતે પીએનબીના બાકી પૈસાની ચુકવણી કરશે નહીં.

# બેંક અધિકારીઓને નિરવ મોદી દ્વારા રૂશ્વતમાં જ્વેલરી અપાઈ હતી

**મુંબઈ કોર્ટમાં સીબીઆઈ દ્વારા માહિતી અપાઈ : રિપોર્ટ**

મુંબઈ, તા. ૪

હજારો કરોડના પીએનબી કૌભાંડના આરોપી નિરવ મોદીએ પંજાબ નેશનલ બેંકના અધિકારીઓને પોતાની સાથે સામેલ કરવા માટે સોના અને હિરાની જ્વેલરી લાંચ તરીકે આપી હતી. કૌભાંડની તપાસ કરી રહેલી સીબીઆઈએ મુંબઈ કોર્ટમાં આ અંગેની માહિતી આપી હતી. સીબીઆઈનું કહેવું છે કે, લાંચમાં પીએનબી અધિકારીઓને લાંચ ગયા વર્ષે ઓક્ટોબરથી જ આપી દેવામાં આવી હતી. સીબીઆઈએ આ મામલામાં હજુ સુધી ૧૪ લોકોની ધરપકડ કરી છે. સીબીઆઈએ કોર્ટને કહ્યું છે કે, પીએનબીની બ્રેડીહાઉસ બ્રાંચમાં ૨૦૧૫થી ૨૦૧૮ સુધી ફોરેક્સ વિભાગના મેનેજર રહી ચુકેલા યશવંત જોશીએ લાંચમાં જ્વેલરી લેવાની વાત કબૂલી લીધી છે. પીએનબીની આ શાખા કૌભાંડના કેન્દ્રમાં રહી છે. યશવંતે કબૂલાત કરી છે કે, તેને સોનાના બે સિક્કા, સોના અને હિરાની કાનમાં પહેરવાની ચીજવસ્તુ મળી હતી. સીબીઆઈએ એમ પણ કહ્યું છે કે, લાંચમાં લેવામાં આવેલી જ્વેલરી યશવંતના આવાસ ઉપરથી મળી આવી છે. સીબીઆઈએ દાવો કર્યો છે કે, યશવંતે નિરવ મોદીના કહેવા પર ખોટા એલઓયુ જારી કર્યા હતા. તપાસ અધિકારીઓનું કહેવું છે કે, કૌભાંડમાં ધરપકડ કરવામાં આવેલા અન્ય એક આરોપી પીએનબીના સ્કેલ એક ઓફિસ પ્રફુલ સાવંતે જાણી જોઈને સ્વિફ્ટ મેસેજને નજર

# ચૂંટણી પરિણામો ભાજપ તરફી રહેતા બજારમાં તેજીના એંધાણ

**એફઆઈઆઈ વેચવાલી, પીએનબી કૌભાંડ, ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને લઇને આદેશ, માઇક્રો ઇકોનોમિક પરિબળોની શેરબજાર પર અસર રહેવાના સંકેતો**

મુંબઈ,તા. ૪

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સપ્તાહ દરમિયાન તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. પૂર્વોત્તર રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર બજાર પર થશે. ભાજપના નેતૃત્વમાં એનડીએ દ્વારા જોરદાર દેખાવ ચૂંટણીમાં કરવામાં આવ્યા બાદ તેની અસર નવા કારોબારી સત્ર અને દલાલ સ્ટ્રીટ પર જોવા મળી શકે છે. ઉત્તરપૂર્વમાં કમળ ખિલ્યા બાદ તેની અસર બજારમાં હકારાત્મક રીતે રહેશે. અન્ય કેટલાક પરિબળોની અસર પણ થનાર છે. જેમાં વૈશ્વિક પરિબળો, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ ઓર્ડર અને માઈક્રો ઈકોનોમિક પરિબળોની અસર થનાર છે. એફઆઈઆઈ વેચવાલી અને પીએનબી ફ્રોડની અસર પણ જોવા મળનાર છે. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપની જીતની અસર બજાર પર સારી અસર કરી શકે છે. આવતીકાલના દિવસે જ ફેબ્રુઆરી ૨૦૧૮માં ભારતના સર્વિસ સેક્ટરના દેખાવ પર માસિક સર્વેના પરિણામ પણ જાહેર કરવામાં આવનાર છે. બીજી બાજુ અનેક સેન્ટ્રલ બેંક રીઝર્વ બેંક ઓફ ઓસ્ટ્રેલિયા,બેંક ઓફ કેનેડા, ઈસીબી અને બેંક ઓફ જાપાન દ્વારા આગામી સપ્તાહમાં તેમના પોલીસી નિર્ણયની જાહેરાત કરવામાં આવનાર છે. ઈસીબી અને બેંક ઓફ જાપાન તેમના રેટ યથાવત રાખી શકે છે. ઈક્વિટી, ફોરેક્સ અને કોમોડિટી માર્કેટમાં શુક્રવારના દિવસે રજા રહી હતી. ગયા બુધવારના દિવસે જારી કરાયેલા આંકડામાં વર્ષ ૨૦૧૭-૧૮ના ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ ૭.૨ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ના બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી દર ૬.૫ ટકા રહ્યો હતો. આ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક અને અન્ય વૈશ્વિક કારણોસર દેશનો જીડીપી ગ્રોથ રેટ ઓછો રહેવાનો અંદાજ હતો.


**જાહેરાત**

ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલા પાણીમાં સંપૂર્ણ પણે વિદ્રાવ્ય મિશ્રખાતરનાં (100% Water soluble mixture of fertilizer) આયાત અને ઉત્પાદન કરીને ગુજરાત રાજયમાં વેચાણ કરવાના છીએ. એનઃપીઃકે-૧૯:૧૯:૧૯,એનઃપીઃકે-૨૦:૨૦:૨૦,એનઃપીઃકે-૧૩:૪૦:૧૩,એનઃપીઃકે-૧૩:૦૫:૨૬,એનઃપીઃકે-૦૬:૧૨:૩૬,એનઃપીઃકે-૦૦:૬૦:૨૦,એનઃપીઃકે-૦૦:૪૯:૩૨,એનઃપીઃકે-૧૬:૦૮:૨૪,એનઃપીઃકે-૩૦:૧૦:૧૦,ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા The fertilizer (Control) order 1985 મુજબ Notification No. S.O. 4120 (E) Dt.30-12-2017 મુજબ રહેશે.

**ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી.**

પ્લોટ નં ૪૭, ગાંધીનગર માણસા હાઈવે, ઉમિયા પાઈપની સામે, મું - ધોળાકૂવા, તા.માણસા, જી. ગાંધીનગર - ૩૮૨૮૪૫ (ગુજરાત)

ફોન નં - (૦૨૭૬૩) ૨૭૧૫૧૨/૨૭૨૨૮૭ ● email : omkaragro@yahoo.co.in

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય